# કાનની પીડા

- વરિયાળી અધકચરી વાટીને પાણીમાં ખૂબ ઉકાળો , તે પાણીની વરાળ દુખતા કાન પર લેવાથી કાનની બહેરાશ, કાનનું શૂળ કાનમાં થતો અવાજ મટે છે.



- તેલમાં થોડી રાઈ વાટીને કાનના સોજા ઉપર લેપ કરવાથી સોજો મટે છે.
- કાનમાં કોઈ જીવજંતુ ભરાઈ ગયું હોય સરસિયાના તેલના ટીપાં નાખવાથી તે મરી જાય છે.
- સફેદ કાંદાના રસનાં ટીપાં રોજ બે વખત કાનમાં નાખવાથી બહેરાશ મટે છે.
- કાનમાં બગાઈ, કાનખજૂરો જેવા જીવજંતુ ગયા હોય તો મધ અને તેલ ભેગા કરી કાનમાં ટીપા નાખવાથી ફાયદો થાય છે, કાનનું શૂળ અને રસી પણ મટે છે.
- કાન દુખતો હોય તો મૂળાના પાનનો રસ સહેજ ગરમ કરી કાનમાં નાખવાથી દુખાવો અને ચસકા મટે છે.
- કાનની બહેરાશ દૂર કરવા પાંચ સાત પેશાબનાં ટીપા દરરોજ નાખતા રહેવાથી બહેરાશ દૂર થાય છે.
- તેલમાં લસણની કળી કકડાવીને , તે તેલના ટીપા કાનમાં નાખવાથી કાનના સણકા અને કાનની રસી મટે છે.
- આદુનો રસ સહેજ ગરમ કરી કાનમાં નાખવાથી ચસકા મટે છે.
- મધના ટીપા કાનમાં નાખવાથી કાનનો દુખાવો અને રસી મટે છે.
- તલના તેલમાં હિંગ નાખી ઉકાળી તે તેલના ટીપા કાનમાં નાખવાથી દુખાવો મટે છે.
- તુલસીના રસના ટીપા કાનમાં નાખવાથી કાનનો દુખાવો અને સણકા મટે છે. તેમજ પરુ નીકળતું હોય તો તે બંધ થાય છે.
- કાંદાનો રસ અને મધ મેળવી તેના ટીપા નાખવાથી સણકા મટે છે. અને પરુ થતું હોય તો તે પણ મટે છે.
- નાગરવેલના પાનનો રસ ગરમ કરી તેના ટીપા નાખવાથી કાનના સણકા અને દુખાવો મટે છે.
- આંબાના પાનનો રસ ગરમ કરી તેના ટીપા નાખવાથી કાનના સણકા અને દુખાવો મટે છે.

- ફુલાવેલી ફટકડી અને હળદર ભેગી કરી કાનમાં નાખવાથી કાન પાક્યો હોય અને રસી નીકળતા હોય તો તે મટે છે.
- અઘેડાના પંચાંગની રાખ તેલમાં ખૂબ ઉકાળી ગાળી તેના ટીપાં કાનમાં નાખવાથી કાનના ચસકા અને ધાક પડી ગઈ હોય તો મટે છે.
- ગૌમૂત્રમાં હરતાલ વાટી તેના ટીપાં કાનમાં નાખવાથી કાનના ચસકા અને ધાક પડી ગઈ હોય તો મટે છે.
- મરવાના પાનના રસના ટીપાં કાનમાં નાખવાથી કાનના ચસકા અને ધાક પડી ગઈ હોય તો મટે છે.
- પોશના ડોડવાના ઉકાળાની વરાળ કાનમાં જવા દેવી , જેથી કાનના ચસકા અને ધાક પડી ગઈ હોય તો મટે છે.
- બોરિક પાઉડર કાનમાં નાખવાથી કાનમાં પરુ થયા હોય તો તે મટે છે.
- ફુલાવેલી ટંકણખારની બારીક ભૂકી કાનમાં થોડી નાખી ઉપર રૂનું પૂમડું રાખવાથી કાનના પરુ મટે છે.
- જાત્યાદી કે લીંબોળીના તેલના ટીપાં કાનમાં નાખવાથી કાનમાં થતા પરુ મટે છે.
- ગરમ પાણીમાં ફુલાવેલી ફટકડી નાખીને તેનાથી કાન ધોવાથી કાનના પરુ મટે છે.
- બદામના અને એરંડીના તેલના ટીપા નાખવાથી કાનની બહેરાશ દૂર થાય છે.